*This Question Paper contains 8 printed pages.*

Seat No.: | | | | | | | |

Sl. No. : **134132**

# 008(G)

**(March 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) દરેક પ્રશ્ન ફરજિયાત છે.
2) પ્રશ્નપત્રમાં આંતરિક વિકલ્પ છે.
3) જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.
4) લેખન સજ્જતા અને ભાષાશુદ્ધિને ગુણ પ્રાધાન્ય રહેશે.
5) નવો વિભાગ નવા પાના પર લખો.

## વિભાગ - A (પદ્ય આધારિત)

■ **નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. (દરેકના 4 ગુણ)** **[8]**

1) 'વડલો ને પંખીડા' ભજન કાવ્યનો મધ્યવર્તી વિચાર.

2) ગંગાસતી માનવ સ્વભાવના કયા કયા દુર્ગુણો જણાવી તેને દૂર કરવાના ઉપાયો સૂચવે છે ?

**અથવા**

કવિની જન્મભૂમિનું શબ્દચિત્ર તમારા શબ્દોમાં આલેખો.

■ **નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના 3 ગુણ)** **[6]**

3) શબરીના ઉદાહરણ દ્વારા કવિ શું સમજાવે છે ?

4) નગરજીવનનું બંધિયારપણું બાને શી રીતે સતાવે છે ?

**અથવા**

નાયિકાનો હાથ શેનાથી બંધાયેલ છે ? તે શેનો બનેલ છે ?

■ નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ) [4]

5) 'પડતા પર પાટુ મારવું' એને કવિ કોનું કામ ગણાવે છે ?

6) આસ્વાદકના મત અનુસાર દયારામની રચનાઓમાં કોનું માધુર્ય છે ?

**અથવા**

બાનો શ્વાસ કેમ રૂંધાય છે ?

■ નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો. (દરેકનો ½ ગુણ) [2]

7) મનુષ્યે કોનાથી ડરવાનું છે ?

8) 'અઘરો દિવસ' કોનું પદ છે ?

9) 'આ રસ્તાઓ' કાવ્યનો પ્રકાર જણાવો.

10) મહાદેવનું દેરું કેવું છે ?

## વિભાગ - B (ગદ્ય આધારિત)

■ નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. [8]

11) પ્રભાશંકરે મનુને કહેલી વાર્તા આલેખી તેનું તાત્પર્ય સમજાવો.

12) સોક્રેટીસનું પાત્રાલેખન.

**અથવા**

વેનિસની સુંદરતા અને ભવ્યતાનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

■ નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો. (દરેકના 3 ગુણ) [9]

13) 'ડાઘ' લઘુકથામાં પ્રગટતી સંવેદના આલેખો.

14) બિસ્મિલ્લાખાંએ પોતાના સાજની કઈ કઈ વિશિષ્ટતાઓ ગણાવી છે ?

15) કુસુમ હવે કોના જેવી જિંદગી જીવવા માંગે છે ?

**અથવા**

નિવૃત્તિ સમયે પૂંજાએ ઘરવખરીનું શું કર્યું ? તે અંગે તેની માન્યતા શી હતી ?

■ **નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો. (દરેકના 2 ગુણ)** **[6]**

16) જણસો ઉતારીને દાબડામાં મૂકી દેવા પાછળ મુનીમનો શો આશય હતો ?

17) લેખકને બાલ્યકાળથી નાટક, સંગીત, ગીત વગેરે કળામાં કોના પ્રભાવથી રુચિ થવા લાગી ?

**અથવા**

મહાપુરુષો વિશે હેમચંદ્રની શી માન્યતા હતી ?

18) કોટને થીંગડું દેતા પ્રભાશંકરને શી મુશ્કેલીઓ પડી ?

**અથવા**

યુરોપમાં સ્થાપત્યકલાના સ્વામી તરીકે કોને ઓળખવામાં આવે છે ?

■ **નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે ઉત્તર લખો. (દરેકનો ½ ગુણ)** **[2]**

19) પૂંજા મેજરને કેટલા રૂપિયા પેન્શન મળતું હતું ?

20) 'મોરના ઇંડા'ના લેખકનું નામ જણાવો.

21) મહારાષ્ટ્ર કોને 'આનંદયાત્રી' તરીકે ઓળખાવે છે ?

22) સોક્રેટીસને રાજદ્રોહ કરવા બદલ કઈ સજા થઈ ?

## વિભાગ - C (વ્યાકરણ)

■ **નીચેનાં વાક્યમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય પૂરું કરી ફરીથી લખો.** **[6]**

23) ગ્રંથાલય આગળ એક વિશાળ સભાખંડ છે.

24) રોજ સવાર પહોર મો બહાર નીકળી પડતો.

25) શાળા પાસે વિશાળ પ્રાંગણ છે.

26) પિતા સામે સૌ નતમસ્તક હતાં.

27) એ મિલ માલિક મહારાષ્ટ્ર તરફ મરાઠી હતો.

28) મારો ધંધો ધીરધાર નથી, જમાડવા છે.

■ **નીચેના વાક્યમાં યોગ્ય વિરામચિહ્ન મૂકી વાક્ય ફરીથી લખો.** **[3]**

29) તેણે કહ્યું હરકત નહીં કશી મુસીબત નહીં થાય

30) તમે જુઓ છો ને મને એક પળનીય નવરાશ મળે છે

31) બાના રૂમમાં જાઓ તો ખબર પડે

■ **નીચેનાં વાક્યોને યોગ્ય સંયોજક વડે જોડો.** **[3]**

32) (અ) ધ્રુવ બાળ વિષ્ણુભક્ત હતો.

(બ) પ્રહલાદ બાળ વિષ્ણુભક્ત હતો.

33) (અ) મોરના ઈંડાને ચીતરવા ન પડે.

(બ) શૂરવીરના છોરું ને પલોટવા ન પડે.

34) (અ) આ વર્ષે મૈથિલી શાળામાં જશે.

(બ) આ વર્ષે વૈદેહી શાળામાં જશે.

■ **નીચેનાં વાક્યને સાદા વાક્યરૂપે ફરીથી લખો.** **[1]**

35) આજે ખેડૂતો પાયમાલ થતા જાય છે અને કારીગર વર્ગ બેકાર બનતો જાય છે.

■ 36) **નીચેના સાદાં વાક્યો સંયુક્ત વાક્યરૂપે જોડો.** **[1]**

(અ) નચિકેતે વેશ બદલ્યો.

(બ) નચિકેતે દેશ બદલ્યો.

■ નીચેના સાદાં વાક્યને સંકુલ વાક્ય રૂપે લખો. [1]

37) (અ) હું પ્રધાનમંત્રી હોત.

(બ) દુશ્મન દેશના દાંત ખાટા કરી દેત.

■ નીચેના વાક્યોને પદક્રમ-પદસંવાદની રીતે સુધારીને ફરી લખો. [2]

38) નીલાબહેન સ્વભાવે ખૂબ જ સારા અને પ્રમાણિક હતા.

39) યથાશક્તિ પ્રમાણે દાન કરવું જોઈએ.

■ માગ્યા પ્રમાણે લખો : [3]

40) अति सर्वत्र वर्जयते । (ગુજરાતીમાં અનુવાદ કરો.)

41) વિજેતા કાંઈ નવીન કરતાં નથી પણ તે અલગથી કરતાં હોય છે. (અંગ્રેજીમાં અનુવાદ કરો.)

42) May that mind of mine be auspicious. (ગુજરાતીમાં અનુવાદ કરો.)

## વિભાગ - D (અર્થગ્રહણ)

■ નીચે આપેલા કાવ્યને વાંચીને તેને આધારે નીચેનાં પ્રશ્નોનાં જવાબ આપો. [5]

ન રૂપ, નહીં રંગ ઢંગ પણ શા અનાકર્ષક ?
નહીં નયન વીજની ચમક, ના છટા ચાલમાં,
ગુલાબ નહીં ગાલમાં, નિરખી રોજેરોજ થતું,
કલા વિરૂપ સર્જને શીદ રહ્યો વિધિ વેડફી ?
અને નિરખું રોજ મોહક સુરેખ નારી કૃતિ
પડ્યે નયનવીજ જેની ઉર-અદ્રિ ચુરેચૂરા
ઢળે થઈ, અને વિરૂપ જડ નારીનો હું પતિ
અતુષ્ટ, દઈ દોષ ભાગ્ય-બલને વહેતો ધુરા.
વહ્યા દિન અને બની જનની એ શિશુ એકની

ઉમંગથી ઉછેરતી લઘુક પ્રાણના પિણ્ડને
અને લઘુક પિણ્ડ જીવનથી ઊભરાતું શિશુ,
થતું ઘૂંટણભેર, છાતી મહીં આવી છુપાય, ને
હસે નયન માતને નિરખી નેહમી છાલક
મને થતું, તને અગર ચાહવા બની શકાય જો બાલક.

—જયંત પાઠક

પ્રશ્નો :

43) કવિની પત્ની કેવી હતી ? એને જોઈને કવિને શું થતું ?

44) બીજી સ્ત્રીઓ કવિને કેવી લાગતી ?

45) દિવસો જતાં કવિ પત્નીને શું સદ્ભાગ્ય સાંપડ્યું ?

46) કવિને શું બનવાનું મન થાય છે ? શા માટે ?

47) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **આપેલા ગદ્યખંડને ધ્યાનથી વાંચી તેને આધારે નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય ઉત્તર આપો.** **[5]**

સર્વ ગૃહસંસ્કારનો આધાર માતા ઉપર છે ને સારી માતાથી સારા પરિણામ અને નઠારાથી નઠારા પરિણામ અનુભવાય છે ત્યારે સિદ્ધ થાય છે કે માતાની સમૃદ્ધિ અને સુશીલતા ઉપર મુખ્ય આધાર છે. પુરુષોને સુશિક્ષણની જેવી અને જેટલી અપેક્ષા છે તેવી અને તેટલી જ અપેક્ષા સ્ત્રીઓને છે. જેથી એકની બુદ્ધિ સ્ફુરિત થઈને વ્યવહારમાં કામ આવે છે. તેવી જ બીજાની પણ થઈ તેટલી જ ઉપયોગી થાય છે. સ્ત્રીઓને પોતાના કામકાજમાં વ્યસ્ત રાખવાની ટેવ તથા સર્વ વ્યવહારમાં દૂરંદેશીપણુંએ બે ગુણ ઘણા ઉપયોગી છે. તે ઉપરાંત કરકસરની ટેવ પણ અમૂલ્ય છે એ સર્વ જેથી બધે તેવા શિક્ષણનો તેનો ઘણો ઉપયોગ હોવા છતાં સ્ત્રી-પુરુષ બંનેના વ્યાપાર સાધારણ રીતે જ જુદા હોવાથી સ્ત્રી-પુરુષનાં શિક્ષણ અમુક વય સુધી એક જ હોઈ શકે.પણ પછી તે જૂદું પડવું જોઈએ. સુશિક્ષિત માતાઓ આ પ્રમાણે પેદા થાય છે તેમ થવાથી દેશની ઉન્નતિનાં બીજ રોપાય છે. જે જે દેશ પાયમાલ થયા છે તે દેશમાં સ્ત્રી શિક્ષણ ઉપર લોકોએ ધ્યાન ન આપવાથી તેમ થયું છે માટે સ્ત્રીની ઉન્નતિમાં જ સર્વની ઉન્નતિ છે એમ જાણી બને તેમ દેશમાં સ્ત્રી અભ્યાસની વૃદ્ધિ થાય એવો પ્રયત્ન સર્વેએ કરવો જોઈએ.

48) ગૃહસંસ્કારનો આધાર કોના ઉપર છે ?

49) સ્ત્રી અને પુરુષોના વ્યાપારો કઈ રીતે જુદાં પડે છે ?

50) અમુક વય પછી સ્ત્રી શિક્ષણ અલગ કેમ હોવું જોઈએ ? તેનાથી શા લાભ થાય છે ?

51) દેશની પાયમાલી પાછળનું કારણ કયું છે ?

52) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ **આપેલ વિચારકણિકાની સમજૂતી આપી તેનો 100 (એક સો) શબ્દોમાં વિચાર વિસ્તાર કરો.** [5]

53) સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

**અથવા**

આચાર એ જ પ્રચારનું એકમાત્ર સાધન છે.

## વિભાગ - E (લેખન)

54) તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ લખો. [5]

55) નીચે આપેલા ગદ્યખંડને 1/3 ભાગમાં ગુજરાતીમાં સંક્ષેપ કરો. [5]

There is no help for you outside of yourself; you are the creator of the universe. Like the silkworm you have built a cocoon around yourself..... Burst your own cocoon and come out as the beautiful butterfly, as the free soul. Then alone you will see the Truth. It is our own mental attitude which makes the world what it is for us. Our thoughts make things beautiful, our thoughts make things ugly. The whole is in our own minds. Learn to see things in the proper light. First believe in this world, that there is meaning behind everything. Everything in the world is good, is holy and beautiful. If you see something evil, think that you do not understand it in the right light. Throw the burden on yourselves !

■ **આપેલ કોઈ એક વિષય પર આશરે 250 (બસો પચાસ) શબ્દોમાં મુદ્દાઓને આધારે નિબંધ લખો.** **[10]**

**56)** પ્રકૃતિનાં રમ્ય - રૌદ્ર સ્વરૂપો

પ્રકૃતિના વૈવિધ્યપૂર્ણ સ્વરૂપો - કુદરતનાં હાસ્ય સ્વરૂપો - રમ્ય વનરાજી - કુદરતનાં તાંડવ સ્વરૂપો - કુદરતના ન્યાય દ્વારા સમતોલન - કુદરત સામે લાચાર - વામન માનવ

**અથવા**

**21** મી સદીના ભારતની મારી કલ્પના

પ્રસ્તાવના - એકવીસમી સદીનું વિશ્વ - સમાજ - વિશ્વમાં પરિવર્તન - રાજકીય ઉથલપાથલ - અનેક અટકળો - આગાહીઓ - ભારતનું વિશ્વપટલ પર વિશેષ સ્થાન - ભારત માટે પડકાર - ઉપસંહાર

**અથવા**

ઋતુરાજ વસંત / વસંતના વધામણાં

પ્રસ્તાવના - વસંતના વધામણાં - વન - ઉપવનમાં પાંગરતું યૌવન - પ્રકૃતિ અને માનવ જીવન પર અસર - હર્ષોલ્લાસ ભર્યું માનવજીવન - વસંત એટલે નવજીવનનો સંચાર - તહેવારો - આગવું મહત્ત્વ.

◆◆◆